ગાંધીનગર સમાચાર
તા. ૪-૩-૨૦૧૨, સોમવાર

## તંત્રી સ્થાનેથી.....

### અદના લોકપ્રતિનિધિની અકાળ વિદાય

બનાસકાંઠાના બાહોશ અને લોકપ્રિય સંસદસભ્ય શ્રી મુકેશ ગઢવીના અકાળ અવસાનથી ઉત્તર ગુજરાતના એક આશાસ્પદ યુવાન નેતાની કારકિર્દીનો મધ્યાહ્‌ને સૂર્યાસ્ત થઈ ગયો છે. મુકેશ ગઢવીએ હજી તો માંડ જીવનનાં પાંચ દાયકા પૂરા કર્યા હતા. એમણે પ્રતાપી પિતાના પગલે યુવાવસ્થામાં જ જાહેરજીવનમાં પ્રવેશ કર્યો હતો. દાંતાના ધારાસભ્ય તરીકે અત્યંત સફળ કામગીરી કર્યા પછી પિતાના જ પગલે તેઓ બનાસકાંઠા લોકસભાની બેઠક પરથી વિજયી બન્યા હતા, અને સંસદમાં એક જાગૃત સાંસદ તરીકેની ઈમેજ પ્રાપ્ત કરી શક્યા હતા. જ્ઞાતિવાદના પ્રભાવ સામે વ્યક્તિત્વ અને સેવાની સુવાસના બળે તેઓ જનસાધારણના સર્વમાન્ય લાડીલા નેતા તરીકે પ્રસ્થાપિત થઈ શક્યા હતા. મુકેશ ગઢવીના પિતાશ્રી સ્વ. ભૈરવદાનજી ખેતદાનજી ગઢવી ઈંદિરા યુગનાં મહત્ત્વના કોંગ્રેસી આગેવાનો પૈકીના મોખરાના કાર્યકર હતા. માધવસિંહ સોલંકીના જમણા હાથ તરીકેનું બિરૂદ મેળવનાર બી.કે. ગઢવી વ્યવસાયે વકીલ હતા અને ગરીબો, દલિતો - પંડિતો, વંચિતો અને લઘુમતી વર્ગોના મજબૂત પ્રવક્તા તરીકે ઉપસી આવ્યા હતા. સ્વ. ગઢવીએ પછાત ગણાતા બનાસકાંઠા જિલ્લાનાં સર્વાંગી વિકાસમાં આપેલો સિંહફાળો ખૂબ જાણીતો છે. છેલ્લે એમણે કેન્દ્રની કોંગ્રેસ સરકારમાં રાજયકક્ષાનાં નાણાંમંત્રી તરીકે અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ તરીકે નોંધપાત્ર કામગીરી બજાવી હતી. મુકેશ ગઢવીને પિતાની સેવાપરાયણતાના સંસ્કારો ગળથૂથીમાં જ મળ્યાં હતા. એમમે છેલ્લા શ્વાસ પર્યંત બનાસકાંઠાની ગરીબ પ્રજાના શ્રેય અને પ્રેયની ચિંતા કરી. રેલવે સુવિધાઓથી લઈ કૃષિ, ઉદ્યોગ અને શિક્ષણ તથા આરોગ્ય સેવાઓનો લાભ આ છેવાડા જિલ્લાને સવિશેષ ઉપલબ્ધ થાય, સરહદી જિલ્લો હોવાથી એને આતંકવાદી તત્ત્વો અને ડ્રગ સહિત અનેક પ્રકારની દાણચોરીના ધંધાદારીઓથી રક્ષણ મળે, એ મુદ્દે તેઓ નિરંતર સંઘર્ષ કરતા રહ્યા. યુપીએ અધ્યક્ષાના નેતૃત્વની સૌથી વધુ મહત્ત્વપૂર્ણ સંકલન સમિતિના પણ તેઓ આદરણીય સભ્ય હતા. મુકેશ ગઢવીના અકાળ અવસાનથી ગુજરાતે એક સંવેદનશીલ અને બોલકો સાચો લોકપ્રતિનિધિ ગુમાવ્યો છે. કોંગ્રેસના સન્નિષ્ઠ કાર્યકર હોવા છતાં સંસદમા લોકસમસ્યાઓનાં સંદર્ભે પક્ષાતીત રહીને તેઓ હરહમેશ બનાસકાંઠા અને ગુજરાતના સર્વાંગી વિકાસની રજૂઆત કરતા રહ્યાં. એમણે કયારેય પદની લાલસા નથી રાખી. બલકે પદની ઑફર થઈ ત્યારે પણ વિનમ્ર ભાવે એમણે 'હજી મારે ઘણું શીખવાનું બાકી છે.' કહી અદના સાંસદ તરીકે જ કાર્યરત રહેવાનું પસંદ કર્યું. મુકેશ ગઢવીના અવસાનથી ગુજરાતના જાહેર જીવનમાં એક જબરો ખાલીપો સરજાયો છે. પક્ષીય સીમારેખાઓ ઓળંગી મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સહિત ભાજપના ટોચના નેતાઓએ મુકેશ ગઢવીના અવસાન પછી વહેવડાવેલા શોકસંદેશાઓનો પ્રવાહ જ એમની આદર્શ યુવા નેતા તરીકેની મૂઠી ઊંચેરી ઈમેજની સાહેદી પૂરે છે. ગુજરાતના જાહેર જીવનમાં સમર્પિત લોકસેવકોનો ભયંકર દુકાળ પ્રવર્તી રહ્યો છે તેવા વિષમ કાળમાં મુકેશ ગઢવીનું અકાળ અવસાન એક લાંબા સમય સુધી ન પુરાય એવી ખોટ બની રહેશે. દિવગંત આત્માની ચિરશાંતી માટે હાર્દિક પ્રાર્થના કરીએ અને આ કારમો આઘાત જીરવવા એમનાં પરિવારને ઈશ્વર શક્તિ આપે એવી દુઆ ગુજારીએ.

## આજથી શિશુ વિહારમાં કિશોરી તાલીમ કાર્યક્રમનો પ્રારંભ

ગાંધીનગર, તા.૩

આંગણવાડી સાથે સંકળાયેલી ૬૦૦ કિશોરી બાળાઓની આજે તા.૪થી માર્ચ ૨૦૧૩થી તાલીમ શિશુ વિહારમાં યોજાશે. ૧૮ દિવસ ચાલનાર તાલીમ દરમિયાન કિશોરીઓને રોગ અને શરીર સ્વાસ્થ્ય લક્ષી માહિતી આપવામાં આવશે.

સંકલિત મહિલા અને બાળ વિકાસ વિભાગના સહકારથી નગરપાલિકાની ઘટક ૨ની આંગણવાડી સાથે સંકળાએલ ૬૦૦ કિશોરી બાળાની તાલીમ શિશુ વિહારમાં યોજાશે. તા. ૪ માર્ચથી વિવિધ તબક્કાઓમાં ૧૮ દિવસ ચાલનાર તાલીમ દરમિયાન ડૉ. જશુબેન જાની દ્વારા કિશોરીઓને રોગ અને શરીર સ્વાસ્થ્ય લક્ષી માહિતી આપવામાં આવશે.

જયારે હરીશભાઈ ભટ્ટ દ્વારા હોમ સેફટી અને રેખાબેન વ્યાસ દ્વારા ગૃહ સજાવટ, પોષક આહાર વિષયને આવરી બહેનોને જીવન ઉપાયોગી તાલીમ આપવામાં આવશે. શિશુ વિહાર સંસ્થાની મહિલા ઉત્કર્ષ પ્રવૃત્તિ અંતર્ગત શ્રમિક બહેનોના જીવન વિકાસને સાંકળી છેલ્લા ત્રણ વર્ષથી યોજાતી શિબિર દ્વારા ૧૨૦૦થી વધુ કિશોરીઓ લાભાન્વિત બની છે.

## સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા માટે થઈ રહેલા સઘન પ્રયત્નો

ગાંધીનગર, તા. ૩

ગુજરાત સરકાર દ્વારા સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક, સામાજિક અને જ્ઞાનાત્મક વિકાસની સિદ્ધિ માટે વિવિધ પ્રવૃત્તિઓ થઈ રહી છે. પ્રાથમિક શિક્ષણના સુધારા માટે સઘન ઉપચારાત્મક શિક્ષણ કાર્યો હાથ ધરવામાં આવ્યા છે.

લર્નીંગ એન્હાન્સમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત પ્રાથમિક શાળાઓમાં લેંગ્વેજ કોર્નર દ્વારા ભાષાનું સઘન જ્ઞાન મળી શકે તેવી પ્રવૃત્તિઓ થઈ રહી છે. લર્નિંગ મટીરીયલ, કાવ્યોની સીડી, ડીવીડી, હસ્તાક્ષર સુધારણા, શ્રુતલેખન, અનુલેખનની પ્રવૃત્તિઓ, વિવિધ સામાયિકો, લેખોનો સંગ્રહ, કમ્પ્યૂટર એડેડ લર્નીંગનો ભાષા વિકાસમાં ઉપયોગ, પુસ્તકાલયનો ઉપયોગ, નિબંધ, વક્તૃત્વ ચિત્ર, ગીત, કાવ્ય નાટક સ્પર્ધા, મુખપત્ર પ્રકાશિત કરવું, ટી.વી. રેડિયો અને કમ્પ્યૂટર ઉપરના કાર્યક્રમો દ્વારા શ્રવણ વિકાસ કરાય છે. ગણિત વિજ્ઞાન માટે પ્રયોગ નિદર્શન, દિન વિશેષ ઉજવણી, સ્પર્ધાઓ, વ્યક્તિ વિશેષ મુલાકાત, ફિલ્મ નિદર્શન, પ્રશ્નપેટી, ઈકો કલબ તથા સર્વ શિક્ષા અભિયાન અને જીસીઈઆરટીના સહયોગથી દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ અંતર્ગત બાયસેગ સ્ટુડીયો, ટી.વી. પ્રસારણ દ્વારા ઓનએર ડેમોસ્ટ્રેશન લેશન દ્વારા શિક્ષણ કાર્ય થઈ રહ્યું છે. જ્ઞાનપ્રજ્ઞા કાર્યક્રમ અંતર્ગત અર્લીરિડર્સનો એક સેટ બાળક દીઠ અપાય છે. શિક્ષકો અને બાળકોની વિશિષ્ટ કામગીરી કરનારને મોટીવેશન માટે જ્ઞાનશક્તિ દ્વિમાસિક અંક બહાર પાડવામાં આવે છે. પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન-પ્રજ્ઞા અભિગમ સાથે જોડાયેલા શાળાના શિક્ષકો ધોરણ, વિષય અને પ્રવૃત્તિ આધારિત કામગીરી કરી શકે તે માટે જરૂરી સાધન-સામગ્રી ખરીદી શકે વિકસાવી શકે તે માટે ધોરણ ૧ થી ૪ના યુનિટદીઠ ૮૦૦૦ રૂ. ગ્રાન્ટ જિલ્લા કક્ષાએથી સીધી જ સંબંધિત એસએમસીના ખાતામાં જમા કરાવી શિક્ષકોને ફાળવી આપવામાં આવે છે એમ સૂત્રો દ્વારા જણાવાયું છે.

## એસ.જી. ઈંગ્લિશ મિડિયમ સ્કૂલમાં કાવ્યગાન અને અનુલેખન સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના સેકટર-૨૩માં આવેલી કડી કેમ્પસની એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલમાં તાજેતરમાં ધોરણ ૧ થી ૫ના વિદ્યાર્થીઓ માટે કાવ્યગાન અને અનુલેખન સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

શાળાના ધોરણ-૧ અને ૨ના વિદ્યાર્થીઓ માટે કાવ્યગાન સ્પર્ધાનું આયોજન તાજેતરમાં યોજાયું હતું. જેમાં નાનાં નાનાં ભૂલકાઓએ પોતાની કાલીઘેલી ભાષામાં કવિતાઓને રસપૂર્વક ગાઈ હતી. નાના-નાના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ કવિતાઓ ગાઈને અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઈનામ મેળવ્યા હતા. ધોરણ-૧માં ભાવેશ પ્રથમ નંબરે, સાનિયા બીજા નંબરે અને ઉન્નતિ ત્રીજા નંબરે તથા ધો-૨માં અંજલિ નેહા પ્રથમ વૈદેહી દવે બીજા નંબરે અને હની પટેલ ત્રીજા ક્રમે વિજેતા બન્યા હતા. શાળાની સવાર પાલી અને બપોર પાલી વિભાગના વિદ્યાર્થીઓ માટે યોજાયેલી કાવ્યગાન સ્પર્ધા બાદ અનુલેખન સ્પર્ધા ધોરણ-૩ થી ૫ના વિદ્યાર્થીઓ માટે યોજાઈ હતી. અનુલેખન સ્પર્ધામાં ધો-૩, ૪, અને ૫ના વિદ્યાર્થીઓએ રસપૂર્વક ભાગ લઈ વિજેતા ક્રમ હાંસલ કર્યો હતો. સવાર પાલી વિભાગમાં ધો-૩માંથી રુદ્ર દેસાઈ પ્રથમ, ધો-૪માંથી નિસબા મોહમ્મદ પ્રથમ અને ધોરણ-૫માંથી સમર્પણ પટેલ પ્રથમ નંબરે વિજેતા થયા હતા. જયારે બપોરપાલીની અનુલેખન સ્પર્ધામાં ધોરણ-૩માંથી પ્રિયાંશ પાલ પ્રથમ, ધો-૪માંથી રાહુલ યાદવ પ્રથમ અને ધો-૫માંથી પંકિત ભટ્ટ પ્રથમ ક્રમે વિજેતા જાહેર થયા હતા. વિજેતા દરેક વિદ્યાર્થીને શાળાના આચાર્યા મિલિ સિંઘે તથા શિક્ષક પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

## રાજ્યમાં સૌ પ્રથમ વખત સરકારી શાળાના બાળકો માટે યોજાયો ડ્રીમ ફેસ્ટીવલ-૨૦૧૩

અમદાવાદ, તા. ૩

રાજ્યમાં સૌ પ્રથમ વખત અમદાવાદ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા ગઈકાલે ડ્રીમ ફેસ્ટીવલ ૨૦૧૩ યોજાયો હતો. આફેસ્ટીવલ અંતર્ગત યોજાયેલી વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા બાળકોને પુરસ્કાર વિતરણ તથા શાળા મેનેજમેન્ટ કમિટી સુદ્દઢિકરણ તાલીમ શિબિર આજે યોજાઈ હતી. જેમાં શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વિદ્યાર્થીઓને પુરસ્કાર વિતરણ કર્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, સરકારી શાળામાં ભણતા વિદ્યાર્થીઓને પણ ખાનગી શાળાના વિદ્યાર્થીઓની જેમ જ પોતાની ટેલેન્ટ બતાવવાની તક મળે છે, તેમનો આત્મવિશ્વાસ વધે, શિક્ષણ સિવાયની સહઅભ્યાસિક પ્રવૃત્તિઓને ઉત્તેજન-પ્રોત્સાહન સાથે તંદુરસ્ત સ્પર્ધા યોજાય તે માટે આ ડ્રીમ ફેસ્ટીવલ અમદાવાદ જિલ્લામાં યોજાયો હતો.

આ ડ્રીમ ફેસ્ટીવલ અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધા (ગુજરાતી-અંગ્રેજી) નિબંધ, ચિત્ર,ક્વિઝ, એકપાત્રીય અભિનય, સાંસ્કૃતિક કાર્યક્રમ, ગરબા વગેરે યોજાયા હતા જેમાં અગ્રક્રમે આવનાર બાળકોને પુરસ્કાર તથા શાળા મેનેજમેન્ટ કમિટી સુદઢીકરણ તાલીમ શિબિર આજે યોજાઈ હતી.

આ પુરસ્કારોનું વિતરણ કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, બાળકોમાં શિક્ષણની સાથે સાથે ઈતર પ્રવૃત્તિઓમાં પણ સક્રિય કરીને બાળકોમાં રહેલું કૌશલ્ય બહાર લાવવું એ સમયની માંગ છે. આજે વિશ્વ આખુ સ્પર્ધાત્મક બની રહ્યું છે ત્યારે બાળકોનું પણ કૌશલ્ય-કૌવત ઉજાગર થાય તે એટલું જ અનિવાર્ય છે.

ગુણવત્તાસભર શિક્ષણ જરૂરી છે તેનો ઉલ્લેખ કરી મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ મળે તે માટે રાજ્ય સરકારે અનેક પ્રયાસો કર્યા છે. શાળા પ્રવેશોત્સવ-ગુણોત્સવ જેવા કાર્યક્રમોની દેશ આખાએ નોંધ લીધી છે. મંત્રીશ્રીએ શાળા વ્યવસ્થાપન કમિટીને પણ બિરદાવીને આગામી સમયમાં યોજાનાર શાળા પ્રવેશોત્સવ તથા ગુણોત્સવ કાર્યક્રમમાં સહભાગી બનવા તેમણે અનુરોધ કર્યો હતો.

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી હર્ષદગીરી ગોસ્વામીએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં બાળકોને સુદઢ પ્રાથમિક શિક્ષણ મળે તે હેતુથી એસ.એમ.સી. (શાળા મેનેજમેન્ટ કમિટી) બનાવાઈ છે. એ જ રીતે સરકારી શાળાના બાળકોનું કૌવત-કૌશલ્ય બહાર આવે તે માટે રાજ્યમાં સૌ પ્રથમ વખત અમદાવાદ જિલ્લાએ ડ્રીમ ફેસ્ટીવલનું આયોજન કર્યું છે.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી બંછાનિધિપાનીએ જણાવ્યું હતું કે, શાળામાં ભણતા બાળકોમાં અનેક પ્રકારની ટેલેન્ટ હોય છે. બાળકોની આ ટેલેન્ટ બહાર લાવવા માટે એક પ્લેટફોર્મ જરૂરી હોય છે ત્યારે અમદાવાદ જિલ્લા પંચાયતે બાળકોને આ પ્લેટફોર્મ પુરું પાડવા ડ્રીમ ફેસ્ટીવલ યોજવામાં આવ્યો હતો. શાળાના બાળકો માટે શૈક્ષણિક અને સંગીત-નૃત્ય, કલા, અભિનય, રમત જેવી બિન શૈક્ષણિક સ્પર્ધાઓ યોજવામાં ાવી હતી. સાથે સાથે શાળા વ્યવસ્થાપન સમિતિના મહત્વને પણ અમદાવાદ જિલ્લાએ ઉજાગર કર્યું છે.

'સેવ ધ ચિલ્ડ્રન' સંસ્થાના શ્રી રાજેન મોહંતીએ પ્રાસંગિક પ્રવચનમાં બાળકોના વિકાસનું મહત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગે શિક્ષણ સમિતિ દ્વારા પ્રકાશિત ન્યુઝ લેટર 'હૃદયકુંજ'નું વિમોચન કરાયું હતું. આ પ્રસંગે શાળાનાં વિદ્યાર્થીઓ, એસએમસીના સભ્યો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.




સ્વાઈ ફ્લ્યુથી ડરવાની જરૂર નથી, આ રોજ રોજના પેટ્રોલ - ડીઝલનાં ભાવ વધારો જરૂર જાન લેવા બનવાનો...!

### રાજયકક્ષાની યોગાસન સ્પર્ધામાં કડી પી.ટી.સી. કોલેજ ઝળકી

જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જૂનાગઢ આયોજીત રાજયની પી.ટી.સી. કોલેજોના રમતોત્સવ તાજેતરમાં યોજાયો હતો. જેમાં યોગાસન સ્પર્ધામાં અને લાંબીકૂદ સ્પર્ધામાં કડી પી.ટી.સી. કોલેજના બે અધ્યાપકોએ વિજેતા ક્રમ મેળવી કોલેજનું ગૌરવ વધાર્યુંહતું. રાજયકક્ષાની યોગાસન અને લાંબીકૂદ સ્પર્ધામાં તાજેતરમાં ડૉ. રામભાઈ એમ. પટેલ પી.ટી.સી. કોલેજ કડીના આચાર્ય ડૉ. બાબુલાલ પટેલે યોગાસનમાં અને રાજેન્દ્રભાઈ પટેલે લાંબીકૂદમાં તૃતીય નંબર મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું હતું. સંસ્થાના ચેરમેન અને મંત્રીઓએ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

### આવો અંગ્રેજી શીખીએ

- ચેતના બુચ

ગયા અઠવાડિયે આપણે **Noun Case** ના ત્રણ પ્રકારોનોનો અભ્યાસ પૂર્ણ કરી થોડાંક ઉ.દા. દ્વારા વધારે મહાવરો કરીએ

→ **Genitive case OR Possessive case**
(માલિકીભાવ દર્શાવતી વિભક્તિ)
-એક શબ્દની બીજા શબ્દ ઉપરની માલિકી અથવા સંબંધ દર્શાવતા **Genetive case** બને છે.

→ શબ્દને **apostrophe S (s')** લગાડીને તે બનાવાય છે.

દા.ત. **Dog's mouth.**
**Boy's School**

નોંધ : = જયારે કોઈ વ્યક્તિ કે જીવીત પ્રાણીનો સંબંધ કે માલિકીભાવ દર્શાવવો હોય ત્યારે **s** નો ઉપયોગ થાય.

→ પરંતુ નિર્જીવની બાબતમાં તેવું નથી કરતાં પરંતુ **of** મૂકાય છે.

દા.ત. **Traffic's rules** નહીં કહેતા **Rules of Traffic** કહેવાય

→ **Vocative case :**

→ જયારે કોઈ વ્યક્તિ કે વસ્તુને સંબોધન કરવામાં આવ્યું હોય ત્યારે તે વ્યક્તિ કે વસ્તુ **Vocative case** કહેવાય.

દા.ત. **Girls, how nice you are!**
**Boys, What are you doing?**
**God, how great you are?**

ઉપરોક્ત વાકયમાં **Girls, boys, God** ને સંબંધોન કરવામાં આવે છે માટે **Vocative case** કહેવાય.

→ નીચેના વાકયોનો અભ્યાસ કરી **Noun Case** શોધો.

**(1) Sundram was a great poet.**
**Sundram - Nominative case**
**(2) She gave me a book.**
**book - Accusative case.**
**(3) This is a Foot print of a Lion.**
**Lion - genitive case**
**(4) Why did you give Neha my pen?**
**Neha - Dative case**
**Pen - Accusative case**
**(5) O saint, how holy you are!**
**Sain - Vocative case.**

→ **પરિચયાત્મક શબ્દો :**

મિત્રો આ વિભાગમાં આપણે ઘર **(House)** વિષયક શબ્દોનો પરિચય મેળવીએ.

**Portico** (પાર્ટિકો) પ્રવેશમંડપ
**Peg** (પેગ) મેખ
**Niche** (નિચ) ગોખલો
**Granary** (ગ્રેનરી) કોઠાર
**Lattice** (લેટિસ) જાળી

## બે વેવાઈઓ વચ્ચે અહમનો ટકરાવ થયો... વેવાણે બળતામાં ઘી હોમ્યુ...

### સમાજ ચિંતન

- પોપટલાલ એસ પ્રજાપતિ

જયારે દીકરો કે દીકરી ઉંમર લાયક થાય ત્યારે તેના માટે યોગ્ય પાત્ર શોધવા માટે વડીલો અધિરા બને છે. આ પ્રશ્ન કયારેક તેમના માટે શિરદર્દ સમાન બની રહે છે. મનપસંદ પાત્ર શોધવામાં સફળતા મળે પછી વેવાઈ અને વેવાણોનો દબદબો વધી જાય છે. જિંદગીમાં મોટો મીર માર્યો હોય તેવો ગર્વ અનુભવે છે. કહેવાય છે કે સમય બદલાયો પણ હજુ માનવીની માનસિકતા બદલાઈ નથી. કયાંક આવા બદલાવનો ભાસ થાય પણ સમય આવે વૈચારિક દરિદ્રતા ઉથલો ખાય છે અને તેમાંથી સર્જાય છે સમસ્યાનો વંટોળ. આ વંટોળ પછી કોણ જાણે કેટલા વિનિપાત સર્જે છે. સમાજમાં હજુ પાંચ રૂપિયે કિલો ઘી અને ૧૦૦ રૂપિયે તોલો સોનું ખરીદ્યું હોય તેવા વડીલો હયા છે. એટલે સંપૂર્ણ પરિવર્તન શકય નથી, પરંતુ વડીલો ઘણી બાંધછોડ કરતા થયા છે. બંધ આંખે પણ જૂની આંખે નવા તમાશા જોઈ લે છે.

સમયના સાથે તાલ મીલાવવાની ભાવનાથી હવે લવમેરેજને સંમતિ અપાય છે પણ મનમાં રહી ગયેલો ડંખ કયારેક તણખો બની આગ લગાડી જાય છે. ગાંધીનગર એક શિક્ષિત..(?) પિતાનો પુત્ર પ્રોફેસર છે. હેન્ડસમ પણ ખરો. દીકરો ઘણી કન્યાઓ જોયા બાદ એક પ્રોફેસર કન્યાને દીલ દઈ બેઠો. બંને વચ્ચે પ્રેમ પાંગર્યો અને સમય વિત્યે બંને લગ્નગ્રંથિથી જોડાયા. વડીલોએ આ પ્રેમલગ્નને મંજૂરી આપી...

પરણીને સાસરે આવેલી અંજલિને શરૂઆતમાં સાસુમા જોડે સારું બન્યું, પણ છ જ માસમાં સાસુમા પોતાના અસલી રંગમાં આવી ગયા. માનવ પ્રકૃતિ પર ચઢાવેલો ઢોળ ટકે પણ કેટલું? સાસુમા નાની નાની વાતોમાં વાંધાવચકા કાઢવા લાગ્યાં. વહુ નોકરી કરવા જાય તે સાસુમાને કઠે. તેમણે પુત્રવધુને સ્પષ્ટ જણાવી દીધું વહુ બેટા! તમારે નોકરી કરવી હોય તો કરો પણ મારાથી ઘરનું કામ બિલકુલ નહી થાય. રામલાનું કામ મને બિલકુલ પસંદ નથી. ઘરનું બધું કામ તારે જાતે જ કરવું પડશે. અંજલિને સાસુમા સાથે ચણભણ શરૂ થઈ. વાદવિવાદ વધતા ગયા. વાદવિવાદ વિખવાદમાં પરીણમે પછી તેનો અંત આવતો નથી. સાસુમાએ સસરાને વાત કરી. વહુ મારી સામે બોલે છે. મારી આમન્યા રાખતી નથી. અને સસરાનું વડીલપણું જાગૃત થયું. તેમને થયુ વહુની આ હિંમત? તેમણે વેવાઈને ફોન કર્યો, તાત્કાલિક મળી જાવ. વેવાઈ ધંધામાં વ્યસ્ત હોવાથી તરત આવી શક્યા નહીં. અંજલિના સસરા વિષ્ણુભાઈ વેવાઈને મળવા જાતે ગયા. બંને વચ્ચે ગરમાગરમ ચર્ચા થઈ અને વિષ્ણુભાઈએ વાતવાતમાં વેવાઈને કહી દીધું હું દીકરાનો બાપ છું. દીકરીના બાપ થઈને આટલો પાવર કરો તે ઠીક નથી. વેવાઈએ નમ્રતાથી વિષ્ણુભાઈને સમજાવવા પ્રયત્ન કર્યો. પણ વિષ્ણુભી આજે રાજાપાટમાં આવી ગયા હતા..

તેમને એક જ વાતનું રટણ હતું. હું દીકરાનો બાપ છું. દીકરીનો બાપ નીચો એટલે નીચો.. અને તેમણે રાતાપીળા થઈ વેવાઈને કહી દીધું. અમારા સંસ્કારી પરિવારમાં તમારી છોકરી સેટ નહી થઈ શકે. તમારી દીકરી રાખો તમારે ઘેર અમોને મફતમાંય ન ખપે.... અને વેવાઈ પગ પછાડતા ઘેર આવ્યા. ઘરે આવી દીકરાને છુટાછેડા માટે તૈયાર રહેવા જણાવી દીધું. બે જ દિવસમાં કોર્ટ રાહે છુટાછેડાના પેપર્સ તૈયાર કરાવ્યા. દીકરો પ્રોફેસર હતો પણ પિતા સામે બોલવાની હિંમત ન હતી. તેણે છુટાછેડાના પેપર પર કચવાતા મને સહી કરી દીધી. અંજલિને પણ લાગ્યું કે જે ઘરમાં ડગલેને પગલે મારું સ્વમાન ઘવાતું હોય તે ઘરમાં જિંદગી પૂરી થાય નહીં. અંજલિએ પણ સાસુ-સસરા પર રોષ ઠાલવી મન હળવું કરી દીધું... અને સાવ સામાન્ય બાબતે કેવળ અહમના ટકરાવે પતિ-પત્નિના છુટાછેડા થયા.

જ્યારે દીકરા-દીકરીનો સંબંધ થાય ત્યારે વેવાઈ અને વેવાણોમાં સજ્જતા, શાલિનતા અને માણસાઈના દર્શન થતા હોય છે. પણ સહેજ વાંકુ પડતાં તેમની પ્રત્યેક વાત અવ્યવહારું અને ગેરવાજબી લાગે છે. તેમના પ્રત્યેક શબ્દો તીરની જેમ ભોંકાય છે. જે પુત્રવધુની લાયકાત અને બુદ્ધિ ચાતુર્યના ઓવારણા લેવાતા હોય તે પુત્રવધુ હવે આઝાદ અને સંસ્કાર વિનાની લાગવા માંડી. માનવ પ્રકૃતિનું એક આગવું લક્ષણ છે કે ગરજ પત્યા પછી સંબંધઓના બધા સમીકરણો બદલાઈ જાય છે. સંબંધોની વ્યાખ્યા બદલાય છે. માનસિકતા બદલાય છે. વિચારધારા બદલાય છે. હજુપણ કેટલાક દીકરાના પિતા એવી માન્યતા ધરાવતા હોય છે કે દીકરીના બાપે હંમેશા દબાયેલા જ રહેવું પડે. દીકરાના બાપનો માનમોભો જળવાવો જોઈએ. ફક્ત આવી માન્યતાઓને કારણે જ કયાંક સંબંધો તૂટે છે. અથવા વિના કારણે સંબંધોમાં કડવાશ આવી જાય છે. દીકરીની માતા કયાંક એની શિખામણો આપતી હોય છે કે, તારે કોઈનાથી દબાવાનું નહીં, તુ જાતે કમાઈ શકે તેમ છે. આ જાતની શિખામણો કેટલાક ઘરસંસારમાં આગ લગાડવાનું કામ કરે છે.

પ્રોફેસર અને અંજલિના છુટાછેડા તો થયા પણ બંને વચ્ચેના પ્રેમમાં જરાય ઓટ આવી નહોતી. થોડા જ સમય બાદ બંને વચ્ચે મોબાઈલ સંપર્કો શરૂ થયા. જિંદગીનો મોટો નિર્ણય લેવામાં વડીલોના શરણે થઈ ગયા. પણ હવે મન માનતું નથી. અંજલિ અને પ્રોફેસર માટે તેમના પરિવાર દ્વારા બીજા પાત્રની શોધખોળ શરૂ થઈ. પ્રોફેસરને અનેક કન્યાઓ બતાવવામાં આવી પણ તે કયાં તો જોય વિના કયાંતો વાંધાવચકા કાઢીને ઈન્કાર કરી દેતો. અંજલિને પણ અનેક યુવકો જોયા છતાં મન ઠરતું નથી.

જિંદગીના મહામુલા વર્ષો વહી રહ્યાં છે. અંજલિના માતા-પિતાને ચિંતા થવા લાગી અમારા વહાલના દરીયામાં આ કેવું સુનામી સર્જાયું? અમે નહિ હોઈએ ત્યારે દીકરીનું કોણ? દીકરી કોઈ રીતે રીમેરેજ માટે તૈયાર થતી નથી અને પ્રોફેસર પણ દરેક માગા ઠુકરાવે છે. અને એક દિવસ પ્રોફેસરે પિતાને સ્પષ્ટ કહી દીધું. મારા જીવનમાં અંજલિ સિવાય કોઈને પીગળવા લાગ્યો. પણ સ્વમાનના ભોગે વેવાઈને વાત કરવા તૈયાર નથી. અને એ દિવસ આવ્યો.. જયારે પ્રસંગે કરવટ બદલી.. ગાંધીનગરમાં પોતાના એક સંબંધીને ત્યાં લગ્નપ્રસંગે અંજલિ આવી. પ્રોફેસર તેમને મળ્યા. બંનેના હૃદયમાં એક જ પ્રકારની લાગણી વહેતી હતી. તમારા સિવાય બીજુ કોઈ નહી... અને પ્રોફેસરના બાઈક પર બેસી અંજલિ પતિના ઘરે આવી. સાસુમાનો પગે લાગી કહ્યું, મમ્મી હવે હું આવી ગઈ છું. અને સાસુમાના દિલમાં પણ વહુને આવકારવાના કોડ જાગ્યા. આંખમાંથી બે બુંદ ટપકી પડ્યા.. સ્ત્રીઓની આંખમાંથી ટપકતી કરુણાને સાડીના પાલવ સિવાય કોણ સહારો આપે? પાલવથી બે આંસુ લુછી કાઢ્યા અને વહુને કહ્યું આવ બેટી, આ તારું જ ઘર છે ને?... અને અંજલિ અને પ્રોફેસરનો ઘર સંસાર ફરી ધબકતો થયો.

રસનિધિએ કહ્યું છે, પ્રેમલગ્ન ઉદાત્ત છે. સાચા પ્રેમથી એક થયેલા પ્રેમીઓ કદાચ ભૌતિક રીતે અલગ પડે પણ આધ્યાત્મિક રીતે તેમને અલગ કરવા કઠિન છે.